## જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી

c/o જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ૭/૨, બહુમાળી ભવન, રેસકોર્સ રોડ, રાજકોટ – પીન. ૩૬૦૦૦૧

Email : dydorajkot03@gmail.com

(મો) ૯૯૦૯૩ ૫૪૦૭૫, (ફોન) ૦૨૮૧-૨૪૪૨૩૬૨


ક્રમાંક /જ.ય.વ.અ/ / /૨૦૧૯-૨૦

તારીખ :૧૯/૧૨/૨૦૧૯

પ્રતિ,

કુલપતિશ્રી,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,

રાજકોટ.

વિષય- કલા મહાકુંભ-૨૦૧૯-૨૦ની સ્પર્ધાઓમાં ભાગ લેવા બાબત.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના કમિશનરશ્રી,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગરના ઉપક્રમે ગુજરાત રાજ્યના જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી રાજકોટ શહેર દ્વારા કલા મહાકુંભ- ૨૦૧૯ નું આયોજન કરવામાં આવનાર છે. આ કલા મહાકુંભનો મુખ્ય ઉદેશ કલા જાગૃતિ,પ્રતિભા શોધ અને યોગ્ય તક, સાંસ્કૃતિક વાતાવરણનું નિર્માણ કરવું. રાજ્ય સરકારે ગુજરાતનાં કલાકારોમાં રહેલ સુસુપ્ત શક્તિઓને બહાર લાવી, યોગ્ય પ્રતિભાઓને શોધી, યોગ્ય સ્ટેજ આપવા માટે સાંસ્કૃતિક મહોત્સવ તરીકે સ્વરૂપ આપવાનો નિર્ણય કરેલ છે.

કલા મહાકુંભમાં બહોળી સંખ્યામાં કલાકારો સ્પર્ધકો ભાગ લે તે હેતુથી ઝોન કક્ષા, જિલ્લાકક્ષા, પ્રદેશકક્ષા અને રાજ્યકક્ષાએ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવનાર છે.આ કલા મહાકુંભમાં કુલ ૩૭ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ અને ચાર વયજુથ જેમ કે ૬ થી ૧૪ વર્ષ,૧૫ થી ૨૦ વર્ષ,૨૧ થી ૫૯ વર્ષ અને ૬૦ થી ઉપરનું વર્ષ માં સમાવેશ કરી ભાઈઓ-બહેનો માટે આયોજન કરવામાં આવનાર છે.જેમાં ભાગ લેવા ઇચ્છતા કલાકારોએ તા.૦૨ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ સુધીમાં પોતાનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે, આ સ્પર્ધાઓનું ફોર્મ http://dydorajkothome.wordpress.com પરથી ડાઉનલોડ કરી શકશે, આ ફોર્મ જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ૭/૨ બહુમાળી ભવન, રેસકોર્ષ રાજકોટ શહેર ખાતેથી પણ મેળવી શકાશે અને જમા પણ કચેરી ખાતે કરી શકાશે. આપ સાહેબને વિનંતી કે આપની તાબા હેઠળ આવતી રાજકોટ શહેર જિલ્લાની તમામ કોલેજોમાં જાણ કરવા વિનંતી છે.

આભાર સહ...

આપનો વિશ્વાસુ

(ડી. જે. વાઘેલા)

જિલ્લા યુવા વિકાસ અધિકારી

રાજકોટ જિલ્લા

બિડાણ : સ્પર્ધામાં ભાગ લેવા માટેનું નિયત ફોર્મ અને સ્પર્ધાના નિયમો.

Scanned by CamScanner